## શ્રી જૈન સાહિત્ય અકાદમી ટ્રસ્ટ,મુંબઈ.

### વ્યાખ્યાનમાળા - ૨૦૨૨/૨૩

## જૈન ધર્મના વૈજ્ઞાનિક સત્યો/તથ્યો અને તેનું વ્યવહારિક જીવનમાં અનુસરણ

### વ્યાખ્યાન-૨૨ જૈન  જીવ વિજ્ઞાન

**વ્યાખ્યાતા- આચાર્ય  શ્રી નંદિઘોષસૂરીજી મહારાજ**

**તારીખ –૧૯/૦૫/૨૦૨૩**

ઘણા બધા જૈન શ્રાવક શ્રાવીકાઓએ તત્વાર્થ સૂત્ર નો અભ્યાસ કર્યો હશે. કેટલાકે જીવ વિચાર પ્રકરણનો પણ અભ્યાસ કર્યો હશે અને એમાં જીવના ૫૬૩ ભેદ બતાવવામાં આવ્યા છે પણ આ બધા ભેદ બતાવવાની કોઈ આવશ્યકતા અહીં નથી. ખાસ તો જૈન વિજ્ઞાનનું આધુનિક વિજ્ઞાનમાં છે જે બાયોલોજી છે એની સાથે કઈ રીતે મેળ પડે છે અને આપણી જૈન બાયોલોજી એના કરતાં કઈ રીતે ઉત્કૃષ્ટ છે એ અહીં બતાવવાનો પ્રયત્ન કરવામાં આવશે. જીવોના સ્ટ્રક્ચરની ચર્ચા અહીં કરવામાં આવશે. અહીં તત્વાર્થ સૂત્ર નું સૂત્ર મૂકવામાં આવ્યું છે અહીં બતાવવામાં આવ્યું છે કે જે જીવો છે એ બે પ્રકારના છે એક સંસારી જીવો અને બીજા મુક્ત જીવો. સંસારી જીવો એટલે જે આઠ કર્મથી યુક્ત છે એ અને જે સતત જન્મ મરણ માં ફર્યા કરે છે એવા જીવોને સંસારી જીવ કહેવામાં આવે છે. મુક્ત પ્રકારના જીવો એ આઠ પ્રકારના કર્મોથી મુક્ત થયેલા હોય છે સિદ્ધગતિને પામ્યા છે એ જે જીવો છે એને મુક્ત ના જીવો કહેવામાં આવે છે. હવે સંસારી જીવોમાં ત્રસ  અને સ્થાવર એમ બે પ્રકાર પડે છે. અહીં સ્લાઇડમાં સંસારી જીવોની જ વાત કરવામાં આવી છે. સંસારી જીવોમાં એકેન્દ્રીય થી લઈને પંચેન્દ્રીય સુધીના જીવો નો સમાવેશ થાય છે.ત્રસ જીવો એટલે હાલતા ચાલતા અને સ્થાવર એટલે એક જગ્યાએ સ્થિર હોય એવા જીવો. પ્રથમ એકેન્દ્રીય કક્ષાએ સ્થાવર જીવો આવે છે એમાં વનસ્પતિ

કાય પૃથ્વી કાય,અપ કાય આમને ઉમાસ્વતીજીએ થાવર જીવો તરીકે બતાવ્યા છે .જીવ વિચાર  સૂત્રમાં પૃથ્વી કાય વાયુ કાઈ અપકાય તેઉકાય અને વનસ્પતિ કાય એમ પાંચ થાવર જીવો બતાવવામાં આવ્યા છે જ્યારે ઉમાસ્વાતી ભગવાનતે  આ સૂત્રમાં સ્થળ થાવરમાં પૃથ્વી કહે અપકાય અને વનસ્પતિ કાય એ પ્રકાર બતાવ્યા છે જ્યારે દેવકાય અને વાયુ કાયને તરફ જીવો તરીકે બતાવ્યા છે ઉમાસ્વાતિ ભગવાનની એક વિશેષતા છે દેવકાય અને વાયુ કાંઇ નહી ગતિકાર તરીકે સંજ્ઞા આપવામાં આવી છે આ રીતે પૃથ્વીકાય વાયુ અને વનસ્પતિ કાય ચાર પ્રકારો બતાવવામાં આવ્યા છે પાંચ સ્થાવર જીવો જીવ વિચાર સૂત્ર પ્રમાણે છે પછી તરફ જીવો એટલે કે બે ઇન્દ્રિય થી લઈને પંચેન્દ્રિય સુધીના જીવો એ ત્રસ જીવો  છે એ હાલતા ચાલતા જીવો છે અહીં ઉમાંસ્વાતી ભગવાનતે વાયુ કાઈ સુધીના જે જીવ બતાવ્યા એને એક ઇન્દ્રિયો બતાવ્યા છે એ પછીના સૂત્રની અંદર બે ઇન્દ્રિય થી લઈને પાંચ ઈન્દ્રિય સુધીના એક એક ઉદાહરણ આપ્યા છે કૃમિ એટલે કે કરમિયા એ બે ઇન્દ્રિય જીવ છે કીડી એ ત્રિ ઇન્દ્રિય જીવ છે ભમરા એ ચાર ઇન્દ્રિય જીવ છે અને મનુષ્ય એ પાંચ ઇન્દ્રિય વાળો જીવ છે. આ રીતે અહીં જીવોનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે.

હવે આપણે જીવના લક્ષણ કયા હોય છે એની વાત કરીએ તો એ બહુ મહત્વની ચીજ છે કારણ કે આજના વિજ્ઞાનમાં જીવ વિજ્ઞાનના બે પ્રકાર છે એક બોટની અને બીજું જુલોજી બોટની એટલે વનસ્પતિશાસ્ત્ર અને જુલોજી એટલે પ્રાણીશાસ્ત્ર પ્રાણી વિજ્ઞાન ની અંદર બે ઇન્દ્રિય થી લઈને બીજા બધા જ જીવોનું સમાવેશ થઈ જાય છે જ્યારે બોટની ની અંદર ફક્ત વનસ્પતિકાય જીવોની વાત આવે છે એ આધુનિક વિજ્ઞાન ની વાત છે. આધુનિક વિજ્ઞાન અને જૈન જીવ વિજ્ઞાન એ જીવો વચ્ચે જીવના  લક્ષણ વચ્ચે જે તફાવત છે એ આપણે જોવાનું છે.

Characteristics of Living Beings

1. A unique ability to reproduce,
વંશવૃદ્ધિ કરે એ સજીવનું લક્ષણ છે

2. ability to grow, એટલે એની વૃદ્ધિ થવી નાના માંથી મોટું થવું નાના માંથી મોટું થવું

3. ability to metabolize, આહાર કર્યો હોય તો એ આહારને પચાવવું

4. ability to respond to stimuli, કોઈ સુખ અને દુઃખને એનો રિસ્પોન્સ આપવો તે

5. ability to adapt to the environment, આસપાસનું જે વાતાવરણ છે તે એને અનુકૂળ થઈને જીવવું

6.ability to move, હલન ચલન કરવું

7. last but not least an ability to respire. શ્વાસોશ્વાસની પ્રક્રિયા

આ કુલ સાત લક્ષણ આ કુલ સાત લક્ષણ આધુનિક જીવ વિજ્ઞાન એ બતાવ્યા છે આજે લક્ષણો છે એ માત્ર શરીર સંબંધી વાત કરે છે જ્યારે મુક્તના જીવો છે એમાં આમાંનું એકેય લક્ષણ આવી શકે એમ નથી. જૈન દર્શન અનુસાર જીવના લક્ષણ છ બતાવવામાં આવ્યા છે.

जैनदर्शन के अनुसार जीव के लक्षण

1. नाणं च 2. दंसणं चैव, 3. चरितं च 4. तवो तहा,

5. वीरियं 6. उवओगो य, एयं जीयस्स लक्खणं

નવ તત્વની આ પાંચમી ગાથા છે. જીવનું સૌથી પ્રથમ લક્ષણ છે જ્ઞાન. જ્ઞાન વગરનું જીવ એ જીવ કહેવાય નહી. એની શાસ્ત્રકાર ભગવાન ત્યાં સુધી ફરમાવ્યું છે કે કારમણ વર્ગના ગમે તેટલી આત્માને વળગે પણ અક્ષર નો અનંત નો જેટલો ભાગ ઉઘાડો રહે છે એ જીવ નથી એ અજીવ બની જાય છે. સામાન્ય રીતે એવું કહેવાય કે 14 રાજ લોકની બધી જ કારમણ વર્ગણા આત્માના માત્ર એક જ ને એક આકાશ પ્રદેશને વળગે તો પણ એક આત્મપ્રદેશનું જે જ્ઞાન છે એ જ્ઞાનને ઢાંકી શકવા માટે સમર્થ થઈ શકતી નથી. એનું વ્યવહારમાં ઉદાહરણ આપવું હોય તો એમ કહી શકાય કે સમગ્ર બ્રહ્માંડનું બધું જ અંધારું ભેગું થાય ત્યારે એક મીણબત્તી છે કે કોડિયાનો પ્રકાશ છે એ પ્રકાશનું નાશ કરવાનો પ્રયત્ન કરે તો પણ એ એક મીણબત્તી કે કોડિયાના પ્રકાશનો નાશ કરી શકે એમ નથી. એ રીતે ચૌદ રાજલોકની બધી જ કારમણ વરગણા એક જ આત્માના અસંખ્ય પ્રદેશ એક જ આત્મ પ્રદેશ ને વળગે તો પણ એ એક જ આત્મ પ્રદેશ નું જે જ્ઞાન છે એ ઢાંકી શકવાને સમર્થ થઈ શકતી નથી. એટલે જ્ઞાન એ પ્રત્યેક આત્માનું મહત્વનું લક્ષણ છે અને અને એ નીગોદના જીવથી લઈને સિધ્ધના જીવો

સુધી બધા જ જીવોની અંદર એ લક્ષણ હોય છે. બીજું છે દર્શન. જ્યાં જ્ઞાન હોય ત્યાં દર્શન અવશ્ય હોય છે. જ્ઞાન એટલે વિશેષ ઉપયોગ અને દર્શન એટલે સામાન્ય  ઉપયોગ.એ પછી ચારિત્ર તપ વીરી એટલે ઉર્જા અને પછી છે ઉપયોગ એટલે અવેરનેસ કહેવામાં આવે છે. આ જે છે લક્ષણ બતાવવામાં આવ્યા છે એ જૈન દર્શન પ્રમાણે છે.

હવે મહત્વની વાત કે વિજ્ઞાન એ જે લક્ષણો બતાવ્યા છે એ બધા જ જીવોમાં મળે છે ખરા? કારણ કે ન્યાય શાસ્ત્રની અંદર એવું છે કે જે લક્ષણ બતાવ્યું હોય એ જે વિભાગ હોય એ વિભાગ ની અંદર શિફ્ટ થવું જોઈએ એ સિવાય બીજે ક્યાંય હોવું જોઈએ નહીં અને એમાં પણ દરેકમાં હોવું જોઈએ એકમાં હોય અને બીજામાં ના હોય એ લક્ષણ કહેવાય નહીં. એટલે ન્યાય શાસ્ત્રની પરિભાષામાં અવ્યાપ્તિ અને અતિવ્યાપ્તિ આ દોષથી મુક્ત જે લક્ષણ હોય એને લક્ષણ કહેવામાં આવે છે. આ રીતે જે લક્ષણ બતાવ્યા આ બધા જ લક્ષણ બે ઇન્દ્રિયથી લઈને પંચેન્દ્રીય સુધીના જે જીવો છે એની અંદર વ્યાપ્ત છે પણ એ કેન્દ્રિય જે જીવ છે એની અંદર ગતિશીલતા નામનું જે લક્ષણ છે એ લક્ષણ પ્રાપ્ત થતું નથી. આ રીતે વિજ્ઞાનના જે લક્ષણો છે એ બધા જ લક્ષણોમાં મળતા નથી અને સિદ્ધના જે જીવો છે એમા વિજ્ઞાનને બતાવેલા જે સાત લક્ષણો છે એમાંનું એક  પણલક્ષણ સિદ્ધના જીવોમાં નથી વિજ્ઞાનના જીવો ના લક્ષણને આપણે સ્વીકાર કરીએ તો તો આપણે સિદ્ધ ના લક્ષણોને નિર્જીવ માનવા પડે તો આ યોગ્ય ન કહેવાય માટે આપણે ત્યાં જૈન દર્શનમાં બતાવેલા જે લક્ષણો છે એ પ્રમાણે જ એની વ્યાખ્યા કરવી જોઈએ.

હવે જીવોના જન્મના જે પ્રકાર છે અને એના એ એ બધી વાત અહીં કરવામાં આવે છે જેમના પ્રકારમાં જીવના પ્રકારમાં

**सम्मूर्च्छन- गर्भपपाता जन्म** ત્રણ પ્રકારના જન્મ બતાવવામાં આવ્યા છે. જીવ ના પ્રકાર સાથે જીવ કઈ રીતે જન્મ લે છે એ પણ બહુ મહત્વની વસ્તુ છે એ માટે જન્મના પ્રકાર પણ અહીં બતાવવામાં આવ્યા છે. સમુર્છાન જન્મ એટલે પુરુષ અને સ્ત્રી નર અને  નારી એમના શરીર વગર જીવ એમનેમ ઉત્પન્ન થાય એને આ  જન્મ કહેવાય એ કેન્દ્રિય થી લઈ અને

પંચેનીય સુધી ના જે જીવો છે એ બધાને આ  જન્મ હોય છે અને ગર્ભ જન્મ નર અને નારીના સંયુક્ત થી જે જન્મ થાય એને ગર્ભ જન્મ કહેવાય છે ઉપપાત જન્મ જે દેવ અને નરકમાં હોય છે આમ ત્રણ પ્રકારના જન્મ બતાવવામાં આવ્યા છે. એમાં ગર્ભજ જન્મ કોનો હોય એના પણ ત્રણ પ્રકાર છે

जराम्यण्डजपोतजानां गर्भः

જરાય અંડજ અને પોતજ ઈંડા સ્વરૂપે જન્મ આપીને પછી એમાંથી બચ્ચું પેદા થાય એને અંડ જ કહેવાય જરાયું એટલે પોતચ એટલે પક્ષી વગેરે આ રીતે ત્રણ પ્રકારના ગર્ભ જન્મ બતાવવામાં આવ્યા છે. નરક અને દેવના ઉત્પાત હોય છે ઉત્તપાતા જનમ હોય છે એ સિવાયના બાકીના જે જન્મ છે એને સમુર્છિત જન્મ કહેવામાં આવ્યા છે. આમ જન્મની અંદર સમગ્ર બ્રહ્માંડના સંસારી જીવોના બધા જ જન્મોની વાત એમાં આવી જાય છે. જન્મ તો નહીં પરંતુ જન્મ લેતી વખતે જે શરીર  ધારણ કરે છે એ શરીર બહુ મહત્વની વસ્તુ છે અહીં શરીરના પ્રકાર બતાવવામાં આવ્યા છે જૈન દર્શનમાં પાંચ પ્રકારના શરીર બતાવવામાં આવ્યા છે

औदारिकवैक्रियाहारकतैजसकार्मणानि शरीराणि

આવદારી વૈક્રિય આહારક તેજસ શરીર કાર્મન શરીર આમ પાંચ શરીર બતાવવામાં આવ્યા છે. એમાં એક જીવને ઓછામાં ઓછા ત્રણ શરીર તો હોય જ છે કારણ કે તેજસ અને કારમણ એ બે શરીરે એવા છે કે અનાદિકાળથી આત્માને ની સાથે રહેલા છે અને એની સાથે આવદારીક નીગોદમાં શરીર હોય છે. એકેન્દ્રીય એને આવકારીક  શરીર હોય બતાવ્યા છે. અહીં બધા તે જીવો બતાવવામાં આવ્યા છે એ બધાને આવદારીક શરીર એને ભૌતિક શરીર કહેવામાં આવે છે આ ભૌતિક શરીરને જૈન પરિભાષામાં આવદારી શરીફ કહેવામાં આવે છે અવધારીક શરીર કહેવામાં આવે છે. બીજું શરીર છે એ વૈક્રિય શરીર છે. વૈક્રીય અને આહારક શરીર ધારણ કરવાની પ્રક્રિયા લગભગ એક સમાન છે. એમાં થોડુંક તફાવત છે વૈક્રીય શરીર એ દેવ અને નરકને જન્મથી જ મળેલું હોય છે અને મનુષ્યને લબ્ધી પ્રાપ્ત થઈ હોય એવો જે સાધુ હોય કે ગૃહસ્થ હોય કે હોય એ પોતાનું શરીર બનાવી શકે છે અહીં બતાવ્યું છે એ પ્રમાણે વૈશ્વિક જીવ પોતે બનાવી શકે છે શરીર જીવ પોતે બનાવી શકે છે જોઈને લબ્ધી પ્રાપ્ત થઈ હોય તો

જો એવી પ્રાપ્ત થઈ હોય તો અને આહાર શરીર છે એ વૈક્રિય શરીર ગમે એટલું મોટું હોય પણ આહાર શરીર માટે એક વસ્તુ ફિક્સ છે એ સ્ફટિક જેવું નિર્મળ હોય છે, એકદમ કાચ જેવું સ્ફટિક જેવું નિર્માણ હોય છે,ઉભું હોય તો પણ આપણને ખબર ના હોય કે કોઈ  ઊભું છે આવું માત્ર ને માત્ર 14 પૂર્વધારી મહાત્મા એ જ કરી શકે છે એટલે કે સાધુ ભગવાનતો સિવાય આ આહારક શરીર બીજું કોઈ કરી શકતું નથી. આ આહારક શરીર એક બાંધેલી મુઠ્ઠી જેટલું જ હોય છે એનાથી મોટું હોતું નથી ક્યારેક જ કરે જ્યારે અને આવું શરીર 14 પૂર્વધર મહાત્મા ક્યારેક જ કરે જ્યારે ગ્રંથોનો અધ્યયન કરતા તત્વોનું ચિંતન કરતા શંકા ઉત્પન્ન થાય પ્રશ્નો ઉપસ્થિત થાય ત્યારે એનો જવાબ મેળવવા માટે એ કેવળ જ્ઞાની તીર્થંકર પરમાત્મા એની પાસે જવા માટે એ આ આહારક શરીરનો ઉપયોગ કરે છે. તો આહારક શરીરનો ઉપયોગ કરે છે તો આ રીતે આ શરીરની રચના માત્ર ને માત્ર 14 પૂર્વધર મહાત્મા જ કરી શકે છે અને એ પણ બે ઘડી એટલે કે 48 મિનિટ પૂરતું જ કરી શકે છે. ચોથું તેજસ શરીર આપણે જે આહારક જીવ છે લઈએ છીએ એને પચાવવાનું શું કામ તેજસ શરીર દ્વારા થાય છે આ તેજસ શરીર એટલે શક્તિ શરીર પણ આપણે કહી શકીએ છીએ. સૂક્ષ્મ શરીર તરીકે પણ એની ગણતરી કરી શકાય છે આ રીતે તેજસ શરીર એ પણ એક શરીર છે પાંચમું છે એ કારમણ શરીર છે કારણો શરીર એટલે આત્માને વળગીને કારમણવર્ગના જે પુદગલો છે એ પુદગલ સ્વરૂપ કારમણ શરીર કહેવાય છે આ બંને શરીર અનાદિકાળથી છે માત્ર જે કેવળ જ્ઞાન પામીને મોક્ષે જાય છે સિદ્ધગતિને પામે છે આઠે કર્મથી મુક્ત થાય છે ત્યારે જ આ તેજસ અને કાળ પણ શરીરનો યોગ થાય છે આ શરીર જીવ એક ગતિ માંથી બીજી ગતિમાં જાય ત્યારે પણ લઈને જાય છે

तेषां परं परं सूक्ष्मम्

આવદારિક શરીર અને વક્રિય શરીર સૂક્ષ્મ છે અને વૈક્રિય શરીર કરતા આહારક શરીર સૂક્ષ્મ છે અને એ કરતા પણ તેજસ શરીર સૂક્ષ્મ છે અને કારમણ શરીર એના કરતાં પણ સૂક્ષ્મ છે તો આ પ્રકારે પાંચ પ્રકારના

नारदेवानामुपपातः 113511 शेषाणां संमूर्च्छनम् |13611 औदारिकवैक्रियाहारकतैजसकार्मणानि शरीराणि |3711 तेषां परं परं सूक्ष्मम् ॥38॥ अपतिपाते |141|| अनादिसम्बन्धे च |14211

2. આગળ વાત કરી પ્રઅતિઘાતી એટલે છેલ્લા બે શરીર જે બતાવ્યા તેજસ અને કારમણ એ અપ્રતિઘાત ગતિ છે એટલે કે ક્યાંથી પણ એ વ્યધાન પામે એવા નથી. દરેક જગ્યા માંથી પસાર થઈ જાય એ ક્યાંય પણ અવરજવર કરી શકે છે. એ લઈને આત્મા ક્યાંય પણ જઈ શકે છે કોઈ એને રોકી શકતું નથી અને આગળ કહ્યું એમ અનાદિ સાથે સંબંધિત છે અનાદિકાળથી આત્મા સાથે જોડાયેલ છે આ રીતે આ રીતે આ પાંચ પ્રકારના શરીર સંસારી દરેક જીવો માટે ઉપયોગી છે એમાં એક જીવને એક સાથે વધુમાં વધુ ચાર જીવો હોય છે દાખલા તરીકે મનુષ્ય છે એને તેજસ અને કારમણ શરીર તો હોય જ સાથે સાથે આવદારી શરીર પણ હોય છે પણ વૈક્રીય લબ્ધિ પ્રાપ્ત કરી હોય તો અથવા તો આહારક લબ્ધિ પ્રાપ્ત કરી હોય 14 પૂર્વ નું અધ્યયન કર્યું હોય તો એ આહારક શરીર પણ લઈ શકે છે. આમ કોઈપણ જીવની અંદર વધુમાં વધુ ચાર શરીર હોઈ શકે છે પણ એક સામટા પાંચે પાંચ જીવ કોઈપણ શરીરને હોતા નથી. આ રીતે આ શરીરની વાત અહીં કરવામાં આવી છે.

હવે સજીવની વાત. હમણા કોરોના વાયરસ આવ્યો અને એ વાયરસ પહેલા પણ એના માટે જૈન સાધુઓમાં ચર્ચા ચાલતી હતી કે વાયરસ સજીવ છે કે નિર્જીવ. મેડિકલ વિજ્ઞાન વાયરસને નિર્જીવ માને છે અને એની સજીવ હોવાની સંભાવના નો વિરોધ પણ કરતા નથી. એમના મત અનુસાર વાયરસ સજીવ અને નિર્જીવ પદાર્થોની વચ્ચેની કડી છે. વાયરસના વિશે જૈન દર્શન ની શું માન્યતા છે હોઈ શકે એ વિશે આપણે જોઈએ. આધુનિક વિજ્ઞાન પ્રમાણે કોરોના વાયરસ એક પ્રકારનો પ્રોટીનયુક્ત મોલીક્યુંબલ છે જેના ઉપર સેલ મેમર નહીં પરંતુ એક પ્રકારની ફેટ લિપિડ થી એ ઢાંકેલ હોય છે. કોરોના વાયરસ અને અન્ય બધા જ પ્રકારના પ્રદૂષિત પ્રસારક છે અને એ એટલા સૂક્ષ્મ છે કે સામાન્ય રીતે પણ ઉપયોગમાં લેવામાં આવે છે સૂક્ષ્મદર્શક યંત્ર થી પણ એ જોઈ શકાતા નથી અને એ કોષ પણ નથી જે રીતે કોષમાં કેન્દ્ર સાઈટો પ્લાઝમ તથા અન્ય ઘટકો જે મળે છે એ બધા વાયરસમાં નથી હોતા એને જીવાનું

કહી શકવા શકાતો નથી જ્યારે આ જ કોરોના વાયરસ અને બીજા અન્ય વાયરસ ક્યારે પણ મનુષ્ય કે પ્રાણી ના સજીવ કોષમાં પ્રવેશ કરી લે છે ત્યારે એમાં સજીવ પદાર્થ ના અમુક લક્ષણો પ્રાપ્ત થાય છે. અતઃ એને સજીવ કે નિર્જીવ પદાર્થની સીમા સ્થિત માની શકો માનવામાં આવે છે. વાયરસથી માત્ર સજીવ કોષમાં જ વૃદ્ધિ થઈ શકે છે એની સ્વતંત્ર વૃદ્ધિ થઈ શકતી નથી. અતઃ એને કોષની અંદર રહેનારા પરોપજીવી પણ કહેવામાં આવે છે એને સજીવ કહેવો કે નિર્જીવ કહેવો એ વૈજ્ઞાનિકો માટે પ્રશ્નો ઉપસ્થિત થાય છે કોષના જે દ્રવ્યો છે એનો જ એ આહાર તરીકે ઉપયોગ કરે છે અને એને એ રીતે એની વૃદ્ધિ થાય છે એટલે એને પેરાસાઇડ એટલે કે પરોપજીવી કહેવાય છે.વિ

જ્ઞાન કહે છે કે કોઈપણ જીવનું શરીર સૂક્ષ્મ કોષોથી ઉત્પન્ન થાય છે અને એમાં ડીએનએ અને આર એન એ હોવું જરૂરી છે જ્યારે જૈન દર્શન મુજબ  પૃથ્વી પાણી અગ્નિ વાયુ કે જીવના ભૌતિક શરીર હોવા છતાં પણ ડીએનએ અને આરએનએ નથી હોતા. તો વાયરસમાં સ્વતંત્ર રૂપ થી કોઈ વૃદ્ધિ થતી નથી એનું કોઈ જીવિત પ્રાણી કે શરીરમાં પ્રવેશ થયા પછી એનો કોઈ જીવિત પ્રાણીના શરીરમાં પ્રવેશ થયા પછી જ એની વૃદ્ધિ થાય છે. અંતઃ એને વિજ્ઞાનમાં સજીવ પણ નથી માનવામાં આવતું અને નિર્જીવ પણ નથી માનવામાં આવતું એની સ્પષ્ટતા હવે આગળ કરીશું ચિત્રમાં આપણે જોઈએ છીએ કે એક સેલ છે અને એની આજુબાજુ વાયરસ છે એ સેલ ની અંદર પ્રવેશ કરે છે પ્રવેશ કર્યા પછી એકમાંથી બીજામાં પાંચ અને એ રીતે વૃદ્ધિ થયા રાખે છે પાંચમા ચિત્રમાં અંદરથી પાંચે પાંચ વાયરસ બહાર નીકળતા દેખાય છે એટલે સજીવ કોષની અંદર જ એની વૃદ્ધિ થાય છે જૈનદર્શન પ્રમાણે આ સજીવ છે જૈન દર્શન પ્રમાણે આ વાયરસ સજીવ છે.

જૈન દર્શન પ્રમાણે જ્ઞાન દર્શન ચરિત્ર તપ વીર્ય અને ઉપયોગ- આ છ જીવના લક્ષણ છે. અહીં ક્યાંય પણ એવું નથી લાગતું કે ડીએનએ અને આરએનએ રંગસૂત્ર ગુણસૂત્ર આદિને જીવના લક્ષણ છે તો પણ વિજ્ઞાન દ્વારા બતાવવામાં આવેલ લાક્ષણિકતા જૈન દર્શન ને માન્ય નથી કારણ કે દેવ અને નારક ના જીવોનું શરીર વિશિષ્ટ પ્લાઝમા નામના દ્રવ્યથી બને છે

જેને જૈન દર્શનમાં વૈક્રિય વર્ગના કહેવામાં આવે છે. એમાં એવા પ્રોટીન મોલેક્યુલ ડીએનએ અને આરએનએ નહીં નથી હોતા તો આ રીતે દેવ અને નરકના જીવો છે અથવા તો પૃથ્વીકાય એ વાયુકાય અપકાય ના જે જીવો છે એને પણ આપણે નિર્જીવ માનવા પડશે એટલે આધુનિક વિજ્ઞાન ની જે લાક્ષણિકતા છે સજીવ ના લક્ષણો એ જૈન દર્શનમાં માન્ય નથી.

દેહધારી આત્મા અર્થાત સજીવનું જે લક્ષણ સામાન્ય રૂપે આહાર પાણી અને શ્વાસોશ્વાસ આદિ છે અને એને પર્યાપ્તિ કહે છે વળી આધુનિક વિજ્ઞાન એ જે લક્ષણ બતાવ્યું છે એ જૈન દર્શનમાં પણ બતાવ્યા છે પણ એને પર્યાપ્તિ સ્વરૂપે બતાવવામાં આવ્યા છે પર્યાપ્તિ નો અર્થ છે એક પ્રકારની શક્તિ બતાવવામાં આવ્યા છે. નવ તત્વોની આ ગાથા છે છઠ્ઠી ગાથા

आहारशरीररिंदियपज्जती आणपाणभासमणे ।
चड पंच पंच छप्पि य, इग-विगला- असन्निसन्नीणं || 6||

આ રીતે છ કરીપર્યાપ્તિ એટલે કે છ શક્તિઓ સંસારી જીવની બતાવવામાં આવી છે. આ છ શક્તિઓમાં આહાર ગ્રહણ કરવો, શરીરનું નિર્માણ થવું તે, ઇન્દ્રિય બનાવવી તે, શ્વાસોશ્વાસ ભાષા એ પણ એક જાતની શક્તિ છે અને છેલ્લે મન એ પણ એક પ્રકારની શક્તિ છે તો આમ છ પ્રકારની પર્યાપ્તિ બતાવવામાં આવી છે. બધા જ જીવોમાં હોય એવું નહીં એટલે અહીં શાસ્ત્રકાર ભગવાનતો એ પણ સ્પષ્ટતા કરી છે કે દરેક માં આ છ એ છ પર્યાપ્તિની પૂર્ણતા હોય એવું જરૂરી નથી. કેન્દ્રીય જીવોની અંદર ફક્ત ચાર શક્તિ હોય છે આહાર ઇન્દ્રિય શ્વાસોશ્વાસની શક્તિ એટલે આજે ચાર લક્ષણ બતાવ્યા છે એ સંસારી જીવોના લક્ષણ છે. ભાષા અને મન અમુક ને હોય અને અમુકને ના હોય બે ઇન્દ્રિય અને ચોઇન્દ્રિય પંચેન્દ્રિય ને ભાષા હોય છે. મન પર્યાપ્તિ એ પીએન્દ્રીય મનુષ્ય સૌ ની દેવ અને નરક એ આ બધા જજીવો ને મનરૂપી પર્યાપ્તિ હોય છે આ રીતે પાછો એ છો ને આવશ્યક લક્ષણ તરીકે શાસ્ત્રકાર ભગવાન તો એ બતાવ્યા છે આ વ્યવહારિક અપેક્ષાએ સમજવું સૌથી મહત્વની વાત છે.

 ડોક્ટર જીવરાજ જૈને પ્રચલિત જૈન એમણે છેલ્લા કેટલાક વર્ષોથી જૈન દર્શનમાં સંશોધન કરે છે પ્રચલિત જીવ તત્વની જે વૈજ્ઞાનિક સિદ્ધાંતો છે એનાથી આગળ વધીને એક નવા પ્રકારની નવી ક્રાંતિકારી સિદ્ધાંતનું સર્જન કરી અને એ સિદ્ધ કરી આપ્યું છે કે જળમાં પણ જીવ હોય છે. આ અભૂતપૂર્વ આવિષ્કારથી અપકાય જીવ નામક એક રિસર્ચ પેપર પણ એમનું પબ્લિશ થયેલું છે. એક નવી શાખા વિજ્ઞાનની એક નવી શાખા વનસ્પતિ વિજ્ઞાન ની જગદીશચંદ્ર બોઝ દ્વારા  ઉપર બની ગઈ છે. આ આવિષ્કારે વિજ્ઞાનની જૂની રૂઢીઓ ને પણ ખતમ કરી દીધી છે એને તિલાંજલિ આપી અને આ સંશોધન કર્યું છે.

2004 થી લઈને 2010 સુધી ડોક્ટર જીવરાજ જૈને સિદ્ધ કરી બતાવ્યું છે કે જળમાં પણ ચાર લક્ષણ પ્રાપ્ત થાય છે, ચાર લક્ષણ જોવામાં આવે છે તથા આ શોધને ભારતીય અને આંતરરાષ્ટ્રીય મેગેઝીનમાં પ્રકાશિત પણ કરવામાં આવેલ છે. આનાથી વિજ્ઞાન જગતમાં એક હલચલ મચી ગઈ આ એક સ્વતંત્ર શોધને સ્વીકાર કરવામાં ઇન્ટર નેશનલ લેવલ પર કેટલીક રૂઢીવાદીતા આવશે  રૂઢિવાદીતમાં અમુક સંશોધકો વૈજ્ઞાનિકો આવા સંશોધનો નો સ્વીકાર કરતા નથી. પાણીમાં જીવ તત્વ શું હોય છે? ડોક્ટર જીવરાજ જૈને સાહસ કરી એના અમુક લક્ષણોને શોધી બતાવ્યા અને એ સાબિત કર્યું કે ડીએનએ આર એન એ કોઈ જીવમાં એવા કયા કામ કરે છે જેનાથી એ જીવની શ્રેણીમાં સ્થાન પામે છે. તો ઉર્જા પરિવર્તનની ક્ષમતા યાદદાસની ક્ષમતા સંવેદનશીલતાની ક્ષમતા અને શ્વાસોશ્વાસની ક્ષમતા- આ બધી જ વસ્તુઓને ડોક્ટર જીવરાજ જઈને પ્રાયોગિક સંશોધનમાં જોઈ અને અનુભવી છે. જીવના ચારે ચાર જે લક્ષણ છે ડીએનએ અને આર એન એ પાણીના એકવામોલિક્યુઅલ  ન હોવા છતાં પણ એમાં એમને શોધી કાઢ્યા છે. પાણી પોતે સજીવ છે એવું સિદ્ધ થઈ ગયું છે.

અહીં તમને જે ચિત્ર બતાવવામાં આવ્યું છે ઇફેક્ટ ઓફ સાઉન્ડ સેન્ટીંગ ચિત્ર બતાવવામાં આવ્યા છે. અહીં ઓમ ની બાજુમાં બે જે ચિત્રો છે એમેટો નામના જાપાની જે સાયન્ટિસ્ટ છે એનું પુસ્તક હિડન મેસેજ ઇન વોટર એમાંથી લેવામાં આવ્યું છે. એમાં આવા ઘણા બધા ચિત્રો છે પાણીના આઈસ ક્રિસ્ટલ એના ઉપર આ ઘણા બધા રિસર્ચ કરવામાં આવ્યા છે અને એના

ફોટોગ્રાફ્સ લીધા છે. એની અંદર આ એક ફોટોગ્રાફ છે એમાં બતાવવામાં આવ્યું છે કે આઈસ ક્રિસ્ટલની બોટલ ઉપર લવ અને એપ્રીશિએશન લખવામાં આવે એ ચોંટાડવામાં આવ્યું ત્યારે એનાથી સ્ફટિક છે એ સુંદર આકૃતિ સ્વરૂપે ગોઠવાઈ ગયા અને બીજી જે બોટલ છે એના ઉપર લખવામાં આવ્યુ આવ્યું યુ મેક મી સિક આઈ વિલ યુ આવું જે લખાણ કરવામાં આવ્યું. એની ઈફેક્ટ આપણે અહીં સ્પષ્ટ જોઈ શકીએ છીએ બરાબર ધારીને જોઈએ તો વચ્ચેના ભાગની અંદર એક મનુષ્ય બે પગ પહોળા કરી અને હાથમાં બંદૂક કે ધનુષ્ય લઈને ઉભો હોય એવી હિંસક આકૃતિમાં એનું રૂપાંતર થઈ ગયું છે. એટલે આજે આઈસ ક્રિસ્ટલ છે એ આપણા જે શબ્દો છે આપણી જે ભાવના છે આપણાથી વિચારો છે કે સંગીત વગેરે કે મંત્ર વગેરે છે એ બધાને એ રિસ્પોન્સ આપે છે એ પ્રમાણે એમાં ચેન્જ આવે છે. તો આ વસ્તુ એ સિદ્ધ કરે છે કે પાણી એ સજીવ છે.

આજ રીતે પૃથ્વી કાય અગ્નિકાય અને વાયુ કાય અગ્નિ કાય તો આપણે સ્પષ્ટ કહી શકીએ છીએ કે એ ઓક્સિજન લે છે અને કાર્બન ડાયોક્સાઇડ બહાર કાઢે છે એટલે એ સજીવ છે એવું આપણે કહી શકીએ છીએ પણ પૃથ્વી કાય અને વાયુ કાય આ બંનેને સજીવ છે એ સિદ્ધ કરવાનું બાકી રહે છે અને પ્રયોગ દ્વારા એ સીધદ્ધ કરવું જોઈએ એવું મને લાગે છે પૃથ્વી કાય છે એની અંદર સ્ફટિક છે સો સોનુ છે મળી છે મળી છે પરવાળો છે પારો છે આ બધા સોડિયમ કાર્બોનેટ નામના પથ્થર છે અબરખ માટી છે ગંધક છે નમક છે- આ બધા પૃથ્વીના પ્રકાર તરીકે છે. પૃથ્વીકાયના જીવ તરીકે અહીં જૈન દર્શનમાં બતાવવામાં આવે છે.

હવે નરકના જીવનની વાત કરીએ તો નરકના જીવો અને દેવના પદાર્થ જીવો એ આપણા માટે અદ્રશ્ય પદાર્થો છે, અદ્રશ્ય જીવો છે છતાં વિજ્ઞાનની પરિભાષામાં એને અહીં સમજાવવા માટેનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. જૈન કોસ્મોલોજી ની વાત કરી ત્યારે સાથે નરક અને પૃથ્વીની વાત કરી આપણી ૭ પૃથ્વીથી કોઈપણ દિશામાં ઉપર આ હોઈ શકે છે અને નરક છે એ વાત સો ટકા છે નરક અને પૃથ્વીના જે પ્રકાર છે એની વાત કરવામાં આવી છે.

रत्नशर्करावालुकापकधूमतमोमहातमः प्रभाभूमयो
घनाम्बुवताकाशप्रतिष्ठाः सप्ताधोऽधः पृथुतराः।।

નરક સંબંધી જે પૃથ્વી છે એ અહીં બતાવવામાં આવી છે. સાત પ્રકારની પૃથ્વીઓ અહીં બતાવવામાં આવી છે આને ડોક્ટર જીવરાજ જૈન એ સાત પ્રકારના સ્પેસ મેટલ અંગે બતાવી છે. જ્યારે પદાર્થની અંદર હાઈપ્રેશર લાવવામાં આવે અને એનું ટેમ્પરેચર વધારવામાં આવે એ નીચે બતાવેલી છે સાત અવસ્થા છે એમાં કોઈ અવસ્થામાં જેમ જેમ પ્રેશર કમ્પ્રેસર વધતું જાય ટેમ્પરેચર વધતું જાય એમ એમ પદાર્થનું પરિવર્તન થતું જાય છે

Seven Phases of Solid Matter at Higher Pressure and Temperature

1. Warm Solid, એટલે ગરમ પણ સખત
2. Hot Paste, ગરમ ખરું પણ ટેસ્ટ જેવું ટેસ્ટ જેવું
3. Hot Molten Liquid, ગરમ કરો પણ પ્રવાહી લીક્વીડ જેવું
4. Super Hot Molten Mass, સુપર હોટ
5. Cold Paste / Solid, કોલ્ડ બેસ્ટ
6. Colder Solid,
7. Coldest Dense Solid

આમ સાત અવસ્થા પદાર્થની બતાવવામાં આવી છે અને આ પદાર્થો રૂપે જે સ્વરૂપ છે પૃથ્વીનું એ પૃથ્વીની અંદર નરકના જે જીવવું છે એ આ પૃથ્વી ઉપર રહે છે અને નરકના દુઃખને પોતે સહન કરે છે એ આ સાત પ્રકારની અવસ્થા છે નરકના જીવો રહે છે અને દુઃખી થાય છે. આ રીતે સાત નરકની વાત બતાવી.

હવે જ્યોતિષક દેવની વાત કરીએ તો સૂર્ય ચંદ્ર ગ્રહ નક્ષત્ર અને તારા ને આધુનિક વિજ્ઞાન ના અનુસંધાન અનુસાર પદાર્થના પ્લાઝમા સ્વરૂપમાં છે. પ્લાઝમા એ પદાર્થની એક અવસ્થા છે અને એ બધા પ્રકાશ ઉત્સર્જિત કરે છે અને પોત પોતાની સામૂહિક પ્રમાણ અનુસાર નીચેથી ઉપર સ્થાપિત કરવામાં આવ્યા છે. તારાની સંખ્યા વધારે હોવાને કારણે આપણાથી નજીક નજીક બતાવવામાં આવ્યા છે, વાસ્તવમાં તારા આપણાથી ઘણા દૂર છે પણ જ્યોતિ જૈનશાસ્ત્ર પ્રમાણે સૌથી નીચે તારા બતાવવામાં આવ્યા છે એની ઉપર સૂર્ય વધારે તેજસ્વી હોવાના કારણે એને નજીક બતાવવામાં આવ્યા છે અને ચંદ્રને દૂર બતાવવામાં આવ્યા છે. બાકીના

બધા ગ્રહોને એમની તેજસ્વીતા અનુસાર સ્થાન આપવામાં આવ્યું છે. આ એ આધુનિક ખગોળશાસ્ત્ર પ્રમાણે માપ  છે. એની તેજસ્વીતા પ્રમાણે આ સ્ટેટસ મેપ બતાવવામાં આવ્યું છે

શાઇનિંગ પ્લાઝમા એટલે કે જેમાંથી પ્રકાશ ઉત્સર્જિત થાય છે એવો પ્લાઝમા નામનો પદાર્થ છે અત્યારે જે તારા વગેરેમાં રહેલો છે એનું અસ્તિત્વ અત્યારે વિજ્ઞાન અને સ્વીકારેલું છે પરંતુ એની અંદર રહેનારા જે જીવો છે એનું અસ્તિત્વ હજુ સુધી સાયન્સ ને મળ્યું નથી અને વિજ્ઞાન જે છે એ એવા પદાર્થોની કલ્પના પણ કરી શકતું નથી એટલા માટે દેવ કે નરક એના સંબંધી જે શરીર છે એ વિજ્ઞાન માટે શોધનો વિષય છે એટલે પ્લાઝમા અવસ્થાની અંદર રહી શકે એવા જે જીવો છે એને જ્યોતિષક દેવ કહેવામાં આવે છે એટલે સૂર્ય ચંદ્ર વગેરેને દેવકાય વિમાન તરીકે સ્વીકારીએ છીએ સ્વીકારીએ છીએ એમાં આપણને કોઈ બાધ આવતો નથી કોઈ જાન લઈને ત્યાં જાય અહીંથી કોઈ જ્ઞાન લઈને ત્યાં જાય અને એને દેવ તરીકે દર્શન આપે એ પણ કોઈ શક્યતા નથી કારણકે એમનું વૈકરી શરીર છે એને એને જોવાની ક્ષમતા અથવા તો દેવ હોય તો જ એને એ જોઈ શકે છે દેવના ઇચ્છે તો એને જોઈ ના શકાય તો આ રીતે વૈક્રીય અને આવદારી શરીરવાળા જોવું કે અનુભવ કરું એ બહુ શક્ય લાગતું નથી એટલે આપણને એવું લાગે કે વૈજ્ઞાનિકોને ત્યાં કોઈ દેવ કે જીવ મળે નહીં એવું બને પણ એટલે ત્યાં દેવનું અસ્તિત્વ નથી એવું માનવાની કોઈ જરૂર નથી.

હવે બાહ્ય અવકાશની અંદર જે પૃથ્વી છે જ્યાં દેવ હોવાની સંભાવના છે.પૃથ્વીથી ઉપર જતાં ત્યાંનું ટેમ્પરેચર 0.1° કેલ્વિન હોય છે વર્તમાનમાં 36000 કિલોમીટર ઉપર ઝીરો બે કેલ્વિન ટેમ્પરેચર કરી શકાય છે બોસ અને આઈન્સ્ટાઈન કન્ડેસેન્ત માં જે ઓઝોન પાર્ટીકલ્સ છે એનાથી દેવલોકની પૃથ્વીનું નિર્માણ થયું હોય એવી સંભાવના છે. જ્યાં કલ્પજ દેવ અર્થાત બાર દેવલોક હોવાની સંભાવના છે. ફર્ની ડાયરેક્ટ કન્ડિશન સેટ જે છે એ ફાર્મ યોન પાર્ટીકલ્સ દ્વારા બનેલી છે જે સ્ફટિક જેવી હોય છે અર્થાત નવ ગ્રહ્ય  પાંચ અનુત્તર અને શુદ્ધ શિલા આદી પૃથ્વીઓ કદાચ આ ફર્મિઓન થી બની હોવાની સંભાવના છે. વૈક્રીય વર્ગના થી નિસ્પંન થવાને કારણે નારક અને દેવગતી ના બધા જ જીવોના શરીરમાં ડીએનએ અને આરએનએ

નથી હોતા એટલે એમનું શરીર આ બધી પરિસ્થિતિમાં ત્યાં રહી શકે છે. આ રીતે જૈન વિજ્ઞાનની સમજ આપવામાં આવી છે. 365 ભેદ જે જીવોના છે એનું વિગતે વિવરણ કરવામાં નથી આવી પરંતુ ચાર ગતિના જે જીવો છે એની વાત અહીં કરવામાં આવી છે.

***********************************************************************

JAIN SAHITYA ACADEMY TRUST